# રાજયનાં ૧૩૨ ગામોમાં પીવાના પાણીની તંગી નિવારવા ટૅન્કરોથી પાણી અપાય છે

ગાંધીનગર, તા.૨૩

રાજયના ૧૩૨ ગામોમાં પીવાના પાણીની તંગીને પહોંચી વળવા માટે ૧૩૨ ગામોમાં ટેન્કરો દ્વારા પાણી પહોંચાડવામાં આવે છે.

ઉનાળાનો પ્રારંભ થતાં જ રાજયના કેટલાક વિસ્તારોમાં પીવાના પાણીની અછત વર્તાવા લાગી છે. જો કે ભૂતકાળના વર્ષોની સરખામણીએ આ વર્ષે પીવાના પાણીની તંગીવાળા ગામો અને શહેરોની સંખ્યામાં ધરખમ ઘટાડો થવા પામ્યો છે.

રાજયમાં પીવાના પાણીની પરિસ્થિતિ અંગે આજે રાજયના પાણી પૂરવઠા અને સિંચાઈ મંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે રાજયના કચ્છ જિલ્લાના ભૂજ તાલુકાના ૨૮ ગામો રાજકોટ જિલ્લાના ૫૬ ગામો જામનગર જિલ્લાના ૧૧ ગામો જુનાગઢ જિલ્લાના ૨૮ ગામો અને બનાસકાંઠા જિલ્લાના ૯ ગામો એમ કુલ ૧૩૨ ગામોમાં જ પીવાના પાણીની મુશ્કેલી સર્જાવા પામી છે.

તેમણે જણાવ્યું હતું કે આ ગામોમાં પીવાના પાણીના અન્ય કઈ સોર્સ ન હોવાના કારણે આ ગામોમાં ટેન્કરો દ્વારા પાણી પહોંચાડવામાં આવી રહ્યા છે. આ ગામોમાં દરરોજ ટેન્કરોના ૪૮૭ ફેરા થાય છે. જો કે ભૂતકાળના વર્ષો જેવી સ્થિતિ હાલમાં નહીં હોવાનું તેમણે જણાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે ઉનાળામાં સામાન્ય રીતે પાણીનો વપરાશ વધે છે અને તેના કારણે પાણીની માંગ પણ વધે છે. રાજય સરકાર દ્વારા પાઈપલાઈન તેમજ પાણી પુરવઠા યોજનાઓ દ્વારા રાજયના મોટા ભાગના તમામ શહેરો અને ગામડાઓને પીવાના પાણી પહોંચાડવા માટેનું આયોજન કર્યું હોઈ પીવાના પાણીની મુશ્કેલીવાળા ગામોની સંખ્યામાં ધરખમ ઘટાડો થવા પામ્યો છે. હાલ રાજયમાં માત્ર ૧૩૨ ગામોમાં જ ટેન્કર દ્વારા પાણી પહોંચાડવામાં આવે છે.

રાજયમાં આવેલા નાના મોટા જળાશયો પૈકી મોટાભાગના જળાશયોમાં પાણીનો જથ્થો ઉપલબ્ધ છે. આ જથ્થો આગામી માસ સુધી ચાલે તેટલો છે આથી રાજયમાં આગામી દિવસોમાં પણ પીવાના પાણીની સમસ્યા ઉભી થવાની શકયા નહીવત છે.

## વડીલોને વંદન અભિનંદન

### આજે જન્મદિવસ



ભૂપેન્દ્રભાઈ એન. દવે (૧૯૪૦) ફોન: ૨૩૨૪૩૦૪૬



કુમુદબેન જનાર્દન જોશી (૧૯૩૬) ફોન: ૨૩૨૬૦૫૫૬

## ગાંધીનગરથી દ્વારકા બસ શરૂ કરવા વૈષ્ણવ સમાજની માગણી

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગરથી સોમનાથ, રાજકોટ, મહુડી, પાવાગઢ અને નારેશ્વર જવા માટેના બસ રૂટ શરૂ કરવામાં આવ્યા છે ત્યારે વૈષ્ણવોના ધામ એવા દ્વારકાનો અને સુંધામાતાનો પણ બસ રૂટ શરૂ કરવામાં આવે તેવી વૈષ્ણવ સમાજની માંગણી ઉભી થઈ છે.

ગાંધીનગરથી અંબાજી, માઉન્ટ આબુ, શ્રીનાથજી, ઉદેપુર જેવા ધાર્મિક સ્થળોની બસ સેવાનો લાભ સૌને મળ્યો છે. પરંતુ અમદાવાદ-સુંધામાતા વાયા ગાંધીનગરની બસ સેવા હજુ શરૂ થઈ નથી. જેની તાતી જરૂર છે. અન્ય રાજયોની ઈન્દોર, જયપુર, ઉજ્જૈન, પૂના, નાસિક, મુંબઈની બસો રાત્રે અમદાવાદ પડી રહે છે તેને ગાંધીનગરથી દોડાવવી જોઈએ. આંતર રાજયની બસો પાટનગરથી દોડે તો અમદાવાદ જવાની જરૂર ન પડે. એસ.ટી. તંત્ર આ સંદર્ભે વિચારે અને નગરજનોને દ્વારકા તથા સુંધામાતાના બસ રૂટનો લાભ આપે તેવું સૌ ઈચ્છી રહ્યા છે.



ઉત્તર ગુજરાતના મહેસાણા, પાટણ, ગાંધીનગર, સહિત અમદાવાદના જુદા જુદા સ્થળોએથી વાહન ચોરીના ગુનામાં ફરાર આરોપીને આજે બનાસકાંઠા એસ.ઓ.જી.એ. ચોકકસ બાતમીના આધારે ઝડપી પાડયો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીનગર, અમદાવાદ, પાટણ, મહેસાણા અને બનાસકાંઠા જિલ્લાઓમાંથી ચોરાયેલ વાહન ચોરીના કેસમાં ઘણા લાંબા સમયથી ફરાર આરોપી જમાલખાન કરીમખાન ઘોરી (રહે. થરા તા. કાંકરેજ) આજે પાલનપુર આવ્યો હોવાની ચોકકસ બાતમી પાલનપુર એસ.ઓ.જી.ને મળતા પોલીસે બાતમી સ્થળે વૉચ ગોઠવી હતી. દરમિયાન બાતમી સ્થળે ફરાર આરોપી નજરે પડતા શહેર પી.એસ.આઈ. એચ.એમ. ગઢવી અને તેમની ટીમના પ્રવિણસિંહ, હસમુખભાઈ, વેરસિંહ, અમૃતલાલ અન જીજ્ઞેશભાઈએ તેને ઝડપી પાડયો હતો. પોલીસે વધુ પુછપરછ કરતા આરોપીએ છેલ્લે અમદાવાદના ચાંદખેડા ખાતે અને ઉપરોકત અન્ય જિલ્લાઓમાંથી કરેલા વાહન ચોરીના ગુના પોલીસ સમક્ષ કબુલ્યા હતા. આ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## વસાહત મંડળ સેક્ટર-૮ તરફથી તેજસ્વી તારલાઓનું સન્માન યોજાશે

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગરના સેક્ટર-૮ના વસાહત મંડળે આ વર્ષે ધોરણ ૧ થી ૯ના તેજસ્વી વિદ્યાર્થી ભાઈબહેનોને ઈનામ આપી સન્માન કરવાનું આયોજન કર્યું છે.

ચાલુ વર્ષે વાર્ષિક પરીક્ષામાં ૭૫ ટકા કે તેથી વધુ ટકા મેળવ્યા હોય તેવા ધોરણ-૧ થી ૯ના તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામ આપી સન્માન કરવામાં આવશે. આ સંદર્ભે બાળકોએ ધોરણ ૧ થી ૯ની વાર્ષિક પરીક્ષામાં ૭૫ ટકા કે તેવી વધુ ગુણ મેળવ્યા હોય તેની માર્કશીટની કોપી તા. ૧૫મી જૂન સુધીમાં સંસ્થાના પ્રમુખ રમણભાઈ મકવાણા, પ્લોટ નં. ૩૨૧/૧, સેક્ટર-૮ અથવા પ્રેમ રાજપૂત પ્લોટ નં. ૪૨૭/૨, સેક્ટર-૮ અથવા ગિરીષભાઈ યાદવ, પ્લોટ નં. ૮૧૫/બી, સેક્ટર-૮ને પહોંચતી કરવી.

## શહેરી વાહનવ્યવહાર અંગે મહાત્મા મંદિર ગાંધીનગર ખાતે સેમિનાર યોજાશે

ગાંધીનગર, તા. ૨૩

ગુજરાત રાજયમાં વધી રહેલાં શહેરીકરણને ધ્યાનમાં રાખીને શહેરી વિકાસ વિભાગ, કોન્ફેડેરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રીઝ અને -ઇઝવોટર હાઉસકૂપર્સ દ્વારા સંયુક્ત રીતે આગામી તા. ૨૬ મે ૨૦૧૨ નારોજ ગાંધીનગર મહાત્મા મંદિર ખાતેં ઈમર્જિંગ ટ્રેન્ડ્સ, ચેલેંજિસ એન્ડ વે અહેડૅ વિષયક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં શહેરી વિકાસ મંત્રીશ્રી નીતિનભાઈ પટેલ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે.

વર્ષ ૨૦૧૧ની વસતી ગણતરી -માણે ગુજરાતમાં શહેરી વસતીનું -માણ ૪૨.૫૮ ટકા જેટલું નોંધાયું છે. આ સંજોગોમાં આવનાર સમયમાં ઉભાં થનારા સંભવિત પડકારો સામે આ સેમિનાર સરકારી અધિકારીઓ, નીતિ નિર્ધારકો, વિકાસ સંસ્થાઓ, શૈક્ષણિક જગત, વાહન વ્યવહાર ઉદ્યોગના આગેવાનો વગેરે માટે ફળદાયી વિચાર વિમર્શ માટેનો એક અગત્યનો મંચ બની રહેશે.

## વીરમાયા સ્મારક સમિતિ માયારથનું આયોજન કરશે

ગાંધીનગર, તા. ૨૩

વીરમાયા સ્મારક સમિતિ- ગુજરાત વણકર સમાજ પાટણના મહામંત્રીશ્રી ડી.પી. પરમાર એક નિવેદન જણાવે છે કે, પાટણના મહારાજ સિદ્ધરાજ સોલંકીએ નગરજનોને પીવાના પાણીની વ્યવસ્થા માટે પાટણ મુકામે જેની તમામ બાજુએ એકહજાર મહાદેવના લીંગ પ્રસ્થાપિત કરવામાં આવ્યા હતા તેવા સહસ્રલીંગ સરોવરમાં પાણી થાય તે માટે બનાવેલ હતું.

આ સહસ્રલીંગ સરોવરમાં પાણી આવે અને સંગ્રહ થાય તે માટે સતી જશમાના શ્રાપના નિવારણ અર્થે કોઈ બત્રીસ લક્ષણા પુરુષનું બલિદાન જરૂરી છે. તેથી મહારાજ સિદ્ધરાજે સમગ્ર રાજ્યમાં આવી પુરુષની શોધ ચલાવી હતી. અને અંકે ગામ- રનોડા તા.- ધોળકાના માયા ગામે વણકરે પોતાનું બલિદાન આપવા ઈચ્છા જાહેર કરતાં મહારાજાએ તેમને પાટણ તેડાવી શનિવાર મહાસુદ સાતમ સંવત ૧૧૯૪ના દિવસે મળ્યાનું બલિદાન થયેલ અને સરોવર છલકાયેલ લેખ માટેનો ઈતિહાસ છે.

આ વણકરવીર દલિત મહામાનવ વીરમાયાનું સ્મારક સમિતિ- ગુજરાત વણકર સમાજ પાટણ ખાતે માયા ટેકરી અન્વયે ગુજરાત સરકારે મંજૂર કરેલ જમીન ઉપર બાંધકામ સમિતિ દ્વારા થઈ રહેલ છે. વીરમાયાના આ ભવ્ય બલિદાનને ઉજાગર કરવા વર્તમાન પેઢી અને આગામી પેઢી જાણે સમજે અને સમાજ માટે કંઈક કરી છુટવાની પ્રેરણા પ્રાપ્ત કરે તે માટે સ્મારક સમિતિએ માયારથનું આયોજન કરેલ છે. આ માટે ઓગસ્ટ-સપ્ટેમ્બર માસ દરમ્યાન રથયાત્રા યોજવા વિચારવામાં આવેલ છે. આ માટે આયોજન સમિતિની રચના કરવામાં આવેલ છે. શ્રી નરેન્દ્રભાઈ વોરા (અમદાવાદ), સંયોજકશ્રી કાન્તિભાઈ સી. પરમાર (રાણીપ), શ્રી વિઠ્ઠલભાઈ પી. પરમાર (પાટણ), શ્રી શશીકાન્ત ભોજ (ભાવનગર), સહસંયોજક તરીકે શ્રી વી.પી.વણકર, શ્રી ભરતભાઈ કોઠીવાળા (અમદાવાદ), રતીલાલ મકવાણા (મહેસાણા), શ્રી અનિલભાઈ ચક્રવર્તી (પાલનપુર), શામલભાઈ સુતરીયા (હિંમતનગર), શ્રી ધીરજભાઈ સોલંકી, શ્રી નગીનભાઈ ડોડીયા (પાટણ)ની વીરમાયા સ્મારક સમિતિ રચેલ છે.

## સમાચાર ઝલક

- ખર્ચ ઘટાડવા અને આવક વધારવા માટે ટૂંકમાં પગલાં લેવાશે : વડાપ્રધાન મનમોહનસિંહ.
- નેટહાઉસમાં ઘરૂ અને કાકડી કરીને ત્રણ માસમાં ત્રણ લાખની આવક મેળવતા ઓડના ખેડૂત.
- મીરાંકુમારે ૩૭ દિવસે એક વિદેશયાત્રા કરીને ૨૯ દેશોની મુલાકાત લીધી.
- જયાપ્રદા ભાજપમાં સામેલ થાય તેવા સંજોગો.
- ગુજરાતનાં રાજયપાલ શ્રીમતી ડો. કમલા બેનીવાલના જમીન મામલે, ભાજપની રાષ્ટ્રીય કારોબારી રાષ્ટ્રપતિ ભવનનાં દ્વાર ખખડાવશે.
- ભૂતપૂર્વ વડાપ્રધાન શ્રી રાજીવ ગાંદીના હત્યારાને ધો-૧૨માં ૯૧ ટકા માર્ક મેળવ્યા.
- ઉમરેઠ રોડ પર કારે પલ્ટી ખાતાં બિયરનો જથ્થો મળ્યો.
- ભારતમાં દૂધ અને દારૂ બંનેનું વેચાણ સરખું રૂા. ૧૪ હજાર કરોડનું : ગજબની સામ્યતા.
- હવેથી સંસદ સભ્યોની ગાડી ઉપર લાલબત્તી ઝબકારા મારશે.
- ગુજરાતના એન્કાઉન્ટર કેસમાં સી. બી. આઇ.ની ઊંડાણમાં ભેદી ચહલપહલ.
- અર્થતંત્રની હાલત ૨૦૦૮થી પણ ખરાબ : રૂપિયો ડોલર સામે જ નહિ વિશ્વના મોટા ભાગનાં ચલણ સામે નબળો પડ્યો.
- કાશ્મીરમાં કુદરતી સૌંદર્ય સાથે સહેલાણી સિઝન પુરબહારમાં : ૩૦ વર્ષ બાદ કાશ્મીરમાં ફરી નજરે ચડયું.
- ડીસામાં એક જ કલાકમાં બે બનાવો, લૂંટથી સનસનાટી : પોલીસતંત્ર માટે પડકાર
- અમેરિકામાં વસતાં પુત્ર દ્વારા અમદાવાદમાં રહેતી માતાને લીવરનું દાન આપી મધર્સ-ડે ની અનોખી ઉજવણી કરી.
- ઇટાલીમાં ભૂકંપથી હજારો લોકો બેઘર.
- ૧૧મી જાન્યુઆરી-૨૦૧૩ના રોજ રાજકોટમાં ભારત-ઇંગ્લેન્ડ વનડે મેચ.
- ગુજરાત રાજયમાં ૭૩ ટકા લિફ્ટો ગેરકાયદેસર છે.
- હાથલાના પ્રાચીન શનિ મંદિરનો રૂપિયા બે કરોડના ખર્ચે વિકાસ થશે.
- અમદાવાદમાં પોલીસ પર 'પનોતી' બેઠી છે : કોઇ લાંચમાં તો કોઇ આરોપીને છાવરવા બદલ સસ્પેન્ડ.
- શ્રી પ્રણવ મુખર્જી ૮૩ સમિતિઓનાં અધ્યક્ષપદ સંભાળે છે.
- ગુજરાત વિધાનસભા ૨૦૧૨ની ચુંટણીમાં મુલાયમસિંહનો સમાજવાદી પક્ષ ઝુકાવશે.
- દુનિયા બદલાઇ રહે છે, તમે નહિ બદલાવ તો મુસીબત થશે : ડો. સામ પિત્રોડા.

## શબ્દાવલી - ૪૭૩૮

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ■ | ૪ | | ૫ |
| ૬ | | | ■ | ૭ | | ■ | |
| | ■ | ■ | ૮ | | | ૯ | |
| ૧૦ | ૧૧ | | | ■ | ■ | | ■ |
| ■ | | ■ | ૧૨ | ૧૩ | ૧૪ | ■ | ૧૫ |
| ૧૬ | | | ■ | ૧૭ | | ■ | |
| ૧૮ | | ■ | ૧૯ | | | ૨૦ | ■ |
| | ■ | ૨૧ | | | | ૨૨ | |

**આડી ચાવી**

૧. ઉપકાર, પાડ (૪)
૪. માથુ, શિર (૩)
૬. હિન્દી ફિલ્મોની મશહુર ડાન્સર (૩)
૭. રવિ, ભાસ્કર (૨)
૮. .... ભવ, વધુ જીવવાના આશિર્વાદ (૫)
૧૦. સરસૌનું તેલ (૪)
૧૨. કૂતરું કરડે તો.... ના ઈંજેકશન લેવા પડે (૩)
૧૬. બારોબાર, સોંસરું (૩)
૧૭. ધૂણના કણ (૨)
૧૮. બનાના, એક ફળ (૨)
૧૯. 'માવજત' શબ્દ આડોઅવળો (૪)
૨૧. ભગવાન, કુદરત (૩)
૨૨. ભગવાનની પ્રાર્થના (૨)

**ઊભી ચાવી**

૧. અનુભવ, મહસૂસ (૪)
૨. બેડુ, ઘડો (૨)
૩. બુધ્ધિના અર્થમાં.... ઠેકાણે લાવવા (૨)
૪. માનવ, મનેખ (૩)
૫. વાક્ય, વચન (૩)
૭. ભાઈઓ (૨)
૮. શસ્ત્રો (૩)
૯. મચ્છી, માછલી (૨)
૧૧. રાતે દેખી ના શકે તેવું (૪)
૧૩. એક ઐતિહાસિક પાત્ર (૪)
૧૪. એક ધાતુ, તાંબુ (૩)
૧૫. સોંઘુ, ઓછા ભાવનું (૨)
૧૬. પાકટ, પાકી ગયેલ (૩)
૧૯. મમ્મીની બહેનને.... કહેવાય (૨)
૨૦. ચીજ (૨)

**શબ્દાવલી ૪૭૩૭ના જવાબ**

**આડી ચાવી :-** (૧) સમોવડિયું (૫) કર (૭) મગન (૮) ઝગમગ (૧૦) ભારો (૧૨) રળવુ (૧૩) કલમ (૧૫) ભાર (૧૬) જામગરી (૨૦) હનુમાન (૨૧) ગમત (૨૨) કાત (૨૩) સાંબેલુ (૨૪) સુરોખાર

**ઊભી ચાવી :-** (૧) સમભાવ (૨) મોગરો (૩) વન (૪) યુગ (૫) કમળ (૬) રગવુ (૯) ગર (૧૧) શાલ (૧૩) કરમાયેલું (૧૪) મજા (૧૫) ભાનુ (૧૭) મગતરો (૧૮) ગમન (૧૯) રીતસર (૨૦) હલેસા (૨૨) કાસુ

# પેટ્રોલના અસહ્ય ભાવવધારા સામે ગુજરાતના મુખ્યમંત્રીનો ઉગ્ર આક્રોશ

ગાંધીનગર, તા. ૨૩

મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આજે કેન્દ્રની કોંગ્રેસ શાસિત સરકારે એકાએક પેટ્રોલના ભાવોમાં કરેલા વધારા અંગે ઉગ્ર આક્રોશ વ્યકત કરતાં "ટવીટર" ઉપર જણાવ્યું છે કે કેન્દ્ર સરકારે પેટ્રોલ જેવી આવશ્યક ગણાતી વપરાશની ચીજ ઉપર અસહ્ય ભાવ વધારો એકા એક ઝીંકી દઈને તેની મોંઘવારી સામેની ઘોર નિષ્ફળતાનું પોત પ્રકાશયું છે.

સંસદનું સત્ર પૂર્ણ થયાને હજી ૨૪ કલાક વિત્યા છે એટલામાં આખી સંસદને અંધારામાં રાખીને પેટ્રોલનો આ ભાવ વધારો જનતા ઉપર ઝીંકવામાં આવ્યો છે જે સંસદીય લોકશાહીનું ઘોર અપમાન છે અને જનતા કેન્દ્રની કોંગ્રેસ શાસિત સરકારને માફ કરશે નહીં.

## વિસ્તરણ કરાશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

પાછળના ભાગમાં આટલી મોટી જગ્યા ઉપલબ્ધ બને તે માટેના ભરપૂર પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. તેમજ હોસ્પિટલની આસપાસના વિસ્તારોને પણ આવરી લેવામાં આવશે.

આરોગ્ય વિભાગ અને માર્ગ-મકાન વિભાગ આ અંગે સંયુકત રીતે કામગીરી હાલ આગળ ધપાવી રહ્યા છે અને ટૂંક જ સમયમાં આ અંગે સરકાર સમક્ષ આખીય દરખાસ્ત મંજૂરી માટે રજુ કરવામાં આવે તેવી શકયતાઓ છે. આ બંને વિભાગો વચ્ચે જમીન ફાળવણીને લઈ બે થી ત્રણ જેટલી બેઠકો સંપન્ન થઈ ગઈ છે અને હજુ બે એક જેટલી બેઠકોમાં આખી દરખાસ્તને આખરી ઓપ આપી દેવામાં આવશે તેમ અંતરંગ સૂત્રોમાંથી જાણવા મળ્યું છે.

## ગાંધીનગરનો મધ્યમ વર્ગ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાંધીનગર શહેરના સેક્ટરો એકબીજાથી દૂર દૂર છે. વળી હવે તો શહેરની બહાર પણ વિકાસ થઈ રહ્યો છે. અને નવી નવી વસાહતો સ્થપાઈ રહી છે. આવા સમયે નોકરીના સ્થળે, શાળાએ કે માર્કેટમાં જવા આવવા માટે ગાંધીનગરના વસાહતીઓ મહત્તમ દ્વિચક્રી વાહનોનો ઉપયોગ કરે છે. પેટ્રોલના ભાવો વધતા હવે અવરજવર વધુ મોંઘી બનશે. ગાંધીનગરમાં જાહેર પરિવહનના સાધનો ખુબ ઓછા હોવાથી વસાહતીઓ ખાનગી વાહનોનો જ ઉપયોગ વધુ કરે છે. આવા સમયે પેટ્રોલનો ભાવ વધારો પડ્યા પર પાટુ જેવો છે. વસાહતીઓએ વધુ ને વધુ માર સહન કરવો પડશે. ગાંધીનગરમાં એવા ઘણા વસાહતીઓ છે જેમની પાસે કાર જેવા વાહનો છે. પેટ્રોલ સંચાલિત કારો ચલાવવી હવે વધુ મોંઘી બનતા કાર જેવા વાહનો શોભાના ગાંઠિયા રૂપે ઘરની બહાર પડ્યા રહેશે. મોંઘવારીના સમયમાં પેટ્રોલનો ભાવવધારો મોંઘવારી વધારશે તેમાં કોઈ શંકા નથી. અવરજવર તો મોંઘી બનશે જે સાથે સાથે ચીજવસ્તુઓના ભાવો પણ વધશે. જો રાજ્ય સરકાર પેટ્રોલ પરનો વેટ નહી ઘટાડે તો મધ્યમવર્ગીય પરિવારોને વધુ સહન કરવુ પડશે.

## બે મોબાઈલ રાખવાનો ક્રેઝ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સચિવાલયની કોર્પોરેટ સ્ટાઈલમાં મંત્રીમંડળના સભ્યો, આઈએએસ અધિકારીઓ, ધારાસભ્યો, સંસદસભ્યો ઉપરાંત ગુજરાત કેડરના અધિકારીઓ પણ ડ્યુઅલ ફોનમાં સામેલ થયાં છે.

એક સાંસદને પૂછતાં તેમણે કહ્યું હતું કે અમારે બે મોબાઈલ ફરજીયાત રાખવા પડે છે. એકનો ઉપયોગ અમે દિલ્હીમાં કરીએ છીએ અને બીજાનો ઉપયોગ મત વિસ્તારમાં થાય છે. ધારાસભ્યો પાસે એવું કોઈ કારણ નથી પણ મોટાભાગના ધારાસભ્યો રિયલ એસ્ટેટ સાથે સંકળાયેલા હોવાથી સલામતી ખાતર બે મોબાઈલ રાખે છે. આશ્ચર્ય એ જાણીને થાય છે કે પુરુષ અધિકારીની સરખામણીએ મહિલા અધિકારી માત્ર એક મોબાઈલ રાખે છે. મહિલાઓમાં બે મોબાઈલનો ક્રેઝ ઓછો જોવા મળે છે. જો કે તેમાં મહિલા આઈએએસ અધિકારી અપવાદરૂપ છે. એનકાઉન્ટર કેસમાં જેલવાસ ભોગવી રહેલા એક ઉચ્ચ અધિકારીની જ્યારે અટકાયત કરવામાં આવી ત્યારે તેમની ઓફિસમાંથી ૧૨ સીમકાર્ડ પકડાયા હતા. તેઓ એકસાથે આટલા બધાં નંબરો યુઝ કરતા હતા, પરંતુ તે ગુનેગારોની બાતમી માટેના હોવાની સ્પષ્ટતા કરવામાં આવી હતી.

# ગુજરાતના ૧૮ માછીમારોનું માદરે વતનમાં આગમન

ગાંધીનગર, તા. ૨૩

મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના સઘન પ્રયાસોથી ગુજરાતના ૧૮ માછીમારોને પાકિસ્તાન સત્તાવાળા દ્વારા તા. ૨૩-૫-૨૦૧૨ના રોજ મુક્ત કરવામાં આવશે. આ ૧૮ માછીમારોને પંજાબના વાઘા બોર્ડર પર સ્વીકારવા માટે મત્સ્યોદ્યોગ મંત્રી શ્રી દિલીપભાઈ સંઘાણીની સૂચના મુજબ મત્સ્યોદ્યોગ ખાતાના અધિકારીઓની ટીમ બનાવી વાઘા બોર્ડર પંજાબ ખાતે આ માછીમારોને ગુજરાત ખાતે લાવવા માટે રવાના કરવામાં આવી છે. અને રાજ્ય સરકાર દ્વારા ખાસ વ્યવસ્થા કરવામાં આવેલ છે.

મત્સ્યોદ્યોગ કમિશનરની યાદીમાં જણાવ્યા મુજબ રાજ્ય સરકારતરફથી ભારત સરકાર સમક્ષ માછીમારોને મુક્ત કરવા વારંવાર રજૂઆતો કરવામાં આવે છે. મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી તથા ખાતાના સંબંધિત મંત્રીશ્રીઓ દ્વારા ભારત સરકારશ્રીના સંબંધિત મંત્રીશ્રીઓને વખતોવખત રજૂઆતો કરવામાં આવેલ છે. તાજેતરમાં મંત્રીશ્રી, કૃષિ, સહકાર અને મત્સ્યોદ્યોગ તરફથી તા. ૨૦-૪-૨૦૧૨ના રોજ કેન્દ્રના કૃષિમંત્રીશ્રી અને વિદેશમંત્રીશ્રીને માછીમારો તથા બોટોને મુક્ત કરાવવા માટે રજૂઆત કરવામાં આવેલ હતી. રાજ્ય સરકારના પ્રયત્નોને કારણે પાકિસ્તાન ખાતેથી વર્ષ ૨૦૦૧-૨૦૦૨થી આજદિન સુધી કુલ ૩૬૫૪ ભારતીય માછીમારોને મુક્ત કરાવી શકાયા છે અને પોતાના માદરે વતનમાં આવેલ છે. ૧૮ જેટલાં માછીમારો પોતાના માદરે વતન ગુજરાતમાં પાછા ફરશે તેવા સમાચારથી આ પંથકમાં ખુશીનો માહોલ જોવા મળેલ છે. હજી પણ બાકી રહેલ માછીમારોને મુક્ત કરાવવા માટે રાજ્ય સરકાર દ્વારા સઘન પ્રયત્નો ચાલી રહેલ છે.

માછીમારના કુટુંબના વડાની ધરપકડ થવાને કારણે, પકડાયેલ માછીમારોનું કુટુંબ નિરાધાર બની જાય છે તથા માછીમારોના કુટુંબને રોજીરોટીનો પ્રૅ ઉપસ્થિત થાય છે. આવા સંજોગોને ધ્યાને લઈને રાજ્ય સરકાર દ્વારા માછીમારોના કુટુંબીજનોને આર્થિક દૈનિક સહાય રૂા. ૫૦/- માછીમાર પાકિસ્તાન સત્તાવળા દ્વારા જે તારીખે પકડાયા તે તારીખથી તે પાકિસ્તાન જેલમાંથી છુટીને વતન પરત આવે તે તારીખ સુધી ચુકવવામાં આવે છે. વર્ષ ૨૦૦૪-૨૦૦૫થી વર્ષ ૨૦૧૨-૨૦૧૩ સુધીમાં કુલ ૪.૨૮ કરોડની આર્થિક દૈનિક સહાય ચુકવવામાં આવેલ છે.

## ગુરૂવારે મુખ્યમંત્રી ઉદયપુર ખાતે મહારાણા પ્રતાપની જન્મજયંતિની ઉજવણીમાં ભાગ લેશે

મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી આવતીકાલ તા.૨૪-૫-૨૦૧૨ને ગુરૂવારના રોજ રાજસ્થાનના ઉદયપુર ખાતે મહારાણા પ્રતાપની જન્મજયંતિની ઉજવણીના સમારંભમાં ભાગ લેશે.